ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

નડિયાદથી અમદાવાદ સિવિલ ખસેડાયેલી બાળકી જિંદગી હારી ગઈ

મહુધાના સાપલા ગામમાં ચાંદીપુરા વાયરસથી માસૂમ બાળકીનું મોત

મેડિકલ પ્રોટોકોલ સાથે અંતિમ સંસ્કાર કરાયા, આરોગ્ય તંત્ર યુદ્ધના ધોરણે કામે લાગ્યું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

મહુધા તાલુકામાં આવેલા સાપલા ગામમાં ચાંદીપુરા વાયરસે એક માસૂમનો ભોગ લેતા ફફડાટ વ્યાપી ગયો છે. સાપલા ગામની 9 વર્ષની બાળકીનું અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. તાલુકામાં ચાંદીપુરાનો આ પ્રથમ જીવલેણ કેસ નોંધાતા અત્યાર સુધી નિષ્ક્રિય રહેલું આરોગ્ય તંત્ર સફાળું જાગ્યું છે અને રોગચાળો વકરે નહીં તે માટે તાત્કાલિક અસરથી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

બાળકીની તબિયત સોમવારે અચાનક લથડતા તેને પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જોકે, તેની હાલત વધુ ગંભીર બનતા તબીબોની સલાહ અનુસાર તેને વધુ સઘન સારવાર માટે તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં

બુધવારે વહેલી સવારે અંદાજે 3 વાગ્યે માસૂમ બાળકીએ અંતિમ શ્વાસ લીધા હતા. બાળકીના મોતથી પરિવાર આઘાતમાં સરી પડ્યો છે અને ગામમાં ગમગીની છવાઈ ગઈ છે.

ચાંદીપુરા વાયરસના સંક્રમણની ગંભીરતાને જોતા, આરોગ્ય વિભાગની નિર્ધારિત માર્ગદર્શિકા મુજબ જ બાળકીની અંતિમ વિધિ કરવામાં આવી હતી. તાલુકાની મેડિકલ ટીમની પ્રત્યક્ષ હાજરીમાં તમામ નિયમોનું પાલન કરીને અંતિમ સંસ્કાર કરાયા હતા.

આ ઘટનાની જાણ થતાં જ જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી અને મેલેરિયા અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો સાપલા દોડી ગયો હતો. યુદ્ધના ધોરણે તકેદારીના પગલાં વાયરસ ફેલાવતી સેન્ડફ્લાય અને અન્ય જીવાતોના નિયંત્રણ માટે સાપલા અને આસપાસના વિસ્તારોમાં જંતુનાશક પાવડરનો છંટકાવ શરૂ કરાયો છે. આરોગ્ય વિભાગ દ્વારા ખાસ ફોગિંગ અને કેમિકલ સ્પ્રે કરવાની ઝુંબેશ ચલાવવામાં આવશે.

તાવ, ઉલટી અને ખેંચ : વાયરસના ઘાતક લક્ષણો

આ અંગે ઇન્ચાર્જ આરોગ્ય અધિકારી શાલીની ભાટિયાના જણાવ્યા મુજબ, બાળકીને રાત્રિના સમયે અચાનક તીવ્ર તાવ આવ્યો હતો, જેની સાથે ઉલટી અને ખેંચની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી. આ લક્ષણો એટલા તીવ્ર હતા કે ગણતરીના કલાકોમાં જ બાળકીની સ્થિતિ અત્યંત નાજુક બની ગઈ હતી.

આણંદમાં ભરબપોરે યુવાનને ચપ્પાના ઉપરાછાપરી ઘા ઝીંક્યાં

આણંદમાં મજૂરી કામ બાબતે મિત્રએ જ મિત્રની હત્યા કરી

રેલવે સ્ટેશન સામે ખેલાયેલા ખૂની ખેલમાં હત્યારાને પકડવા વિવિધ ટીમો બનાવાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ શહેરના રેલવે સ્ટેશન સામે આવેલી ફ્રૂટ માર્કેટમાં બુધવારના બપોરના સુમારે મજૂરી કામ જેવી નજીવી બાબતે મિત્રએ જ મિત્રનો જીવ લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ફ્રૂટના અનલોડિંગ દરમિયાન 'મને આજે મજૂરી માટે કેમ ન બોલાવ્યો?' તેમ કહી થયેલી તકરારે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં એક શ્રમિક યુવાનનું કરુણ મોત નીપજ્યું છે.

મળતી વિગતો અનુસાર,

બુધવાર બપોરે સવા 3 વાગ્યાના સુમારે રમેશ બાલકભાઈ ગોસાઈ તેમના અન્ય ચાર સાથીદારો સાથે આણંદ રેલવે સ્ટેશન સામે આવેલ ફ્રૂટ માર્કેટમાં ફ્રૂટનું અનલોડિંગ કરી રહ્યા હતા. આ દરમિયાન તેમનો જ મિત્ર કાંતિભાઈ દેસાઈ ઠાકોર ત્યાં આવી પહોંચ્યો હતો. કાંતિભાઈએ રમેશભાઈ સાથે ઝઘડો શરૂ કરતા પૂછ્યું હતું કે, મને આજે કેમ મજૂરી કામ માટે લાવેલ નથી ? આ બોલાચાલી અને મારામારી દરમિયાન ઉશ્કેરાયેલા કાંતિભાઈ ઠાકોરે પોતાની પાસે રહેલા ચપ્પા વડે રમેશભાઈ પર હુમલો કરી દીધો હતો. રમેશભાઈના શરીરે ત્રણથી ચાર ઉપરાછાપરી ઘા ઝીંકી દેતા તેઓ લોહીલુહાણ હાલતમાં ફસડાઈ પડ્યા હતા અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

આ ઘટનાની જાણ થતા જ આણંદ ટાઉન પોલીસ ઇન્સ્પેક્ટર જે.એસ. કંડોરિયા તથા પોલીસ સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આણંદ પોલીસની ટીમો બનાવીને ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આણંદમાં રિક્ષાની ટક્કરે બાઈક સવાર વૃદ્ધનું મોત

સામરખા બ્રિજ પાસે રોંગ સાઈડથી આવતી રિક્ષાએ અકસ્માત સર્જ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ-નડિયાદ રોડ પર રવિવારની સાંજે રોંગ સાઈડમાં પૂરઝડપે આવતી એક સીએનજી રિક્ષાએ મોટર સાયકલને અડફેટે લેતા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ૬૧ વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

આણંદના સામરખા ઓવરબ્રિજ ઉતરતા સીએનજી પંપ સામે ૨૬મી જુલાઈની સાંજે આશરે પોણા આઠ વાગ્યાના સુમારે અકસ્માત સર્જાયો હતો. નડિયાદથી પોતાના ઘરે આણંદ તરફ બાઇક પર આવી રહેલા ચંદ્રકાંતભાઈ શનાભાઈ તળપદાને સામેથી રોંગ સાઈડમાં આવતી રિક્ષા (GJ 07 VW 0785) ના ચાલકે જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે ચંદ્રકાંતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે રિક્ષા ચાલક અકસ્માત સર્જી પોતાની રિક્ષા લઈ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક આણંદ જનરલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે કરમસદની હોસ્પિટલ ખસેડાયા હતા. તબિયત વધુ લથડતા તેમને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં મંગળવારે બપોરે સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. આ મામલે મૃતકના પુત્ર ગોવિંદભાઈ તળપદાની ફરિયાદના આધારે પોલીસે રિક્ષા ચાલક વિરુદ્ધ વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

નડિયાદ પંથકમાં ચોમાસા પૂર્વે કાંસની સફાઈ ન થતા ખેતરો તળાવમાં ફેરવાયા

નડિયાદના ડુમરાલમાં કાંસ વિભાગની બેદરકારીથી ૫૦૦ વીઘા જળમગ્ન થઈ

છેલ્લા 4-5 વર્ષથી સર્જાતી કાયમી સમસ્યાનો ઉકેલ લાવવામાં તંત્ર નિષ્ફળ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૯

ખેડા જિલ્લામાં થયેલા ભારે વરસાદ બાદ નડિયાદ મનપા હેઠળના ડુમરાલ વિસ્તારના ખેડૂતો માટે વરસાદી પાણી આફત બનીને આવ્યા છે. તંત્ર દ્વારા કાંસ સફાઈની યોગ્ય કામગીરી કરવામાં ન આવતા ડુમરાલની સીમમાં આવેલી અંદાજે 400 થી 500 વીઘા ખેતીની જમીન બેટમાં ફેરવાઈ ગઈ છે. ખેતરોમાં લાંબા સમયથી પાણી ભરાયેલા રહેવાને કારણે તૈયાર પાકને ભારે નુકસાન

પહોંચ્યું છે, જેનાથી ખેડૂતોને આર્થિક રીતે પાયમાલ થવાનો વારો આવ્યો છે.

આ અંગે સ્થાનિક ખેડૂતોનો સીધો આક્ષેપ છે કે કાંસ વિભાગ દ્વારા ચોમાસા પૂર્વે સમયસર સફાઈ કરવામાં આવી ન હતી. કાંસમાં કચરો, ગંદકી અને ઝાડીઓ જમા હોવાને કારણે પાણીનો કુદરતી પ્રવાહ અટકી ગયો છે અને વરસાદી પાણી ખેતરોમાં ફરી વળ્યા છે. જો તંત્રએ સમયસર ઉંડી સફાઈ કરી હોત, તો આજે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો ન આવ્યો હોત.

ડુમરાલ વિસ્તારમાં છેલ્લા 4 થી 5 વર્ષથી દર ચોમાસે આ જ વિકટ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. દર વર્ષે લાખો રૂપિયાનું નુકસાન સહન કરવા છતાં નડિયાદ મહાનગરપાલિકા કે કાંસ વિભાગ દ્વારા કોઈ કાયમી નિકાલ કરવામાં આવતો નથી. તંત્રની આ નિષ્ક્રિયતા સામે ખેડૂતોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે. હાલમાં ખેડૂતો સત્વરે પાણીનો નિકાલ કરવાની તેમજ નુકસાનીનો યોગ્ય સર્વે કરી વળતર ચૂકવવાની ઉગ્ર માંગ કરી રહ્યા છે. નડિયાદ પંથકમાં વરસો જુની સમસ્યા અંગે તંત્ર દ્વારા કરાતા આંખ આડા કાનથી રોષ ફેલાયો છે.

આણંદમાં તબીબની ૧.૧૦ લાખની ચેઈનની ચિલઝડપ

સોજિત્રા રોડ પર ફાયર સ્ટેશન પાસે રાત્રિના સમયે બે બાઈક સવારે ચેઇન તફડાવી

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ઘટના સામે આવી છે, જેમાં સોજિત્રા રોડ પર રાત્રિના સમયે વોકિંગમાં નીકળેલા એક તબીબને નિશાન બનાવી બે અજાણ્યા ગઠિયાઓ સોનાની ચેઈન આંચકી રફુચક્કર થઈ ગયા છે.

મૂળ વેરાવળના અને હાલ આણંદમાં રહી તબીબ તરીકે ફરજ બજાવતા સુધીરભાઈ મહેશભાઈ અખિયા (ઉ.વ. ૩૦) એ આણંદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ગત 18મી જૂન, 2026ના રોજ રાત્રિના અંદાજે 10:45 વાગ્યાના સુમારે તેઓ જમીને સોજિત્રા રોડ પર ફાયર સ્ટેશન પાસેના બ્રિજ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે તેઓ ફોન પર વાત કરી રહ્યા હતા, જેનો લાભ ઉઠાવી પાછળથી મોટર સાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમના ગળામાં પહેરેલી આશરે 12 ગ્રામ વજનની સોનાની ચેઈન (કિંમત 1,10,000/-) ઝૂંટવી લીધી હતી.

અલબત્ત, સુધીરભાઈએ બૂમાબૂમ કરી હતી. પરંતુ તસ્કરો વિદ્યાનગર જનતા ચોકડી તરફ નાસી છૂટ્યા હતા. ફરિયાદી વતનમાં ધાર્મિક પ્રસંગે ગયા હોવાથી ફરિયાદ નોંધાવવામાં વિલંબ થયો હતો. હાલમાં આણંદ ટાઉન પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ અંગે કેટલીક કડી મળતાં પોલીસે ધરપકડ માટે ચક્રોગતિમાન કર્યાં છે.

આણંદ શહેરમાં 13 કરોડના ખર્ચે નવી સ્ટ્રોમ ડ્રેઈન લાઈનનું કામ શરૂ

કોહિનૂર, ઉમરીનગર સહિત અનેક વિસ્તારોમાં ભરાતા પાણીની સમસ્યાનો આવશે કાયમી અંત

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

કરમસદ - આણંદ મનપા દ્વારા ઈસ્માઈલનગર વિસ્તારના રહીશોની વર્ષો જૂની સમસ્યાના ઉકેલ માટે મહત્વનું પગલું ભરવામાં આવ્યું છે. આ વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ રહેવાને કારણે સ્થાનિકો સતત પરેશાની ભોગવતા હતા, જેના કાયમી અને સચોટ નિકાલ માટે 13 કરોડના ખર્ચે નવી સ્ટ્રોમ ડ્રેઈન લાઈનની કામગીરી હાથ ધરવામાં આવી છે.

કરમસદ - આણંદ મનપાએ વર્ષ 2025-2026ની ગ્રાન્ટમાંથી

આ માતબર રકમ મંજૂર કરી છે. આ આયોજન હેઠળ વરસાદી પાણીને સ્ટ્રોમ ડ્રેઈન મારફતે સલાટીયા રોડ તરફ લઈ જવામાં આવશે. વધુમાં, જરૂર પડે તો એક વિશેષ પમ્પિંગ સ્ટેશન પણ ઊભું કરવામાં આવશે, જેના દ્વારા પાણીને પમ્પિંગ કરીને સીધું લાંભવેલ કાંસમાં ઠાલવવામાં આવશે.

આ કામગીરી પૂર્ણ થતાં જ કોહિનૂર, ઉમરીનગર, અક્ષાપાર્ક, હિના પાર્ક, જકાતનાકા વિસ્તાર, બિસ્મીલ્લા સોસાયટી અને માણેજવાળા સ્કૂલની આસપાસના તમામ વિસ્તારોમાં ભરાતા વરસાદી પાણીનો ઝડપી નિકાલ શક્ય બનશે. આ પ્રોજેક્ટથી સ્થાનિક રહીશોને ચોમાસા દરમિયાન પડતી હાલાકીમાંથી કાયમી ધોરણે મુક્તિ મળશે.

બાલાસિનોરમાં બાઈકની અડફેટે વૃદ્ધનું કરુણ મોત

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૨૯

મહીસાગર જિલ્લાના બાલાસિનોર શહેરમાં ગત સપ્તાહે સર્જાયેલા એક માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલા 67 વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. અજાણ્યા મોટરસાયકલ ચાલકે બેફિકરાઈથી વાહન ચલાવી વૃદ્ધની બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો.

બાલાસિનોર તાલુકાના ગલાબજીના મુવાડા ગામના રહેવાસી મથુરસિંહ ઉદેસિંહ પરમાર (ઉ.વ. 67) ગત તા. 21મીના રોજ બપોરે બાઈક લઈને બાલાસિનોર ગયા હતા. આ દરમિયાન અંબિકા હાર્ડવેરની દુકાન સામેથી પસાર થતી વખતે અજાણ્યા મોટરસાયકલ ચાલકે પોતાની ગાડી ગફલતભરી રીતે હંકારી મથુરસિંહની બાઈકને આગળના વ્હીલના ભાગે જોરદાર ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં મથુરસિંહ જમીન પર પટકાતા તેમને ડાબા પગે અને ઘૂંટણના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માત સર્જ્યા બાદ અજાણ્યો ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. ઈજાગ્રસ્ત વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે બાલાસિનોરની ગુજરાત હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે લુણાવાડાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગત તા. 27મી જુલાઈ, 2026 ના રોજ ઓપરેશન પૂર્વે જ હૃદયરોગના હુમલાને કારણે તેમનું કરુણ અવસાન થયું હતું. આ ઘટના અંગે મૃતકના પુત્ર સંજયસિંહ પરમારે બાલાસિનોર ટાઉન પોલીસ મથકે અજાણ્યા બાઈક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

પત્નીને જાણ થઈ કે પતિના અગાઉ પણ લગ્ન થઈ ચૂક્યા છે

પતિએ કેનેડા લઈ જવાના નામે પત્ની પાસે ₹ ૧૨ લાખ માંગ્યા

ઘરકામ બાબતે સાસુના મહેણાં-ટોણાંથી કંટાળી મહિલાએ પોલીસના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

આણંદ શહેરના મહિલા પોલીસ સ્ટેશનમાં એક ચોંકાવનારો કિસ્સો નોંધાયો છે, જેમાં કેનેડા સ્થિત પતિ અને આણંદમાં રહેતા સાસુ દ્વારા પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. અમદાવાદના પાલડી વિસ્તારની ૨૩ વર્ષીય યુવતીએ તેના પતિ ફૈયાઝ ફિરોજભાઈ વહોરા અને સાસુ શબનમબેન વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી છે.

આણંદમાં રહેતી યુવતીના લગ્ન ફેબ્રુઆરી ૨૦૨૪માં મુજબ થયા હતા. લગ્ન બાદ પતિ ફૈયાઝ કેનેડા પરત ફર્યો હતો. આ દરમિયાન પરિણીતાને જાણવા મળ્યું હતું કે તેના પતિએ અગાઉ પણ અન્ય સ્ત્રી સાથે લગ્ન કરેલા છે, જે બાબતે પૂછપરછ કરતા પતિ ઉશ્કેરાઈ ગયો હતો અને ઝઘડો કર્યો હતો. એટલું જ નહીં, પતિએ તેને કેનેડા લઈ જવા માટે વિઝાના ખર્ચ પેટે રૂ. ૧૨ લાખની માંગણી કરી હતી.

આ ફરિયાદમાં પરિણીતાએ આક્ષેપ કર્યો છે કે આણંદમાં તેની સાથે રહેતા સાસુ શબનમબેન તેને નાની-નાની બાબતોમાં અને ઘરકામ મુદ્દે અવારનવાર મહેણાં-ટોણાં મારી માનસિક ત્રાસ આપતા હતા. યુવતી જ્યારે ગર્ભવતી હતી ત્યારે પણ તેની યોગ્ય સંભાળ રાખવાને બદલે તેને પિયર મોકલી દેવામાં આવી હતી અને પતિ પણ ફોન પર ગાળાગાળી કરી માનસિક ત્રાસ ગુજારતો હતો.

આ લગ્ન જીવનમાં દોઢ વર્ષ પહેલા પુત્રનો પણ જન્મ થયો હતો. પરંતુ પિયર રહેતી યુવતી સાસરીમાં આવતી તે સમયે પણ પતિ ફોન પર સરખી રીતે વાતચીત કરતો નહતો. સાસુ ઘરના કામકાજ બાબતે મ્હેણાં ટોણાં મારતાં હતાં. આ અસહ્ય ત્રાસથી પરિણીતા કંટાળી ગઈ હતી. આખરે આણંદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ મહિલા આસિસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર દ્વારા કરવામાં આવી રહી છે.

સરદાર પટેલ યુનિ.ના ૭ વિદ્યાર્થીની FSLમાં અધિકારી તરીકે પસંદગી

ભૌતિકશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થી રાજ્યના ગુના શોધક વિજ્ઞાનમાં મહત્વનું યોગદાન આપશે

(પ્રતિનિધિ) આણંદ તા.૨૯

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે આ એક અત્યંત ગૌરવપૂર્ણ અને ઐતિહાસિક ક્ષણ છે. ગુજરાત જાહેર સેવા આયોગ અને ગુજરાત ગૌણ સેવા

પસંદગી મંડળ દ્વારા આયોજિત રાજ્ય સ્તરની કઠિન સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં આ વિભાગના 7 તેજસ્વી વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ન્યાયસહાયક વિજ્ઞાનની કચેરીમાં વિવિધ વર્ગના હોદ્દાઓ પર સફળતાપૂર્વક પસંદગી મેળવી છે.

સામાન્ય રીતે ભૌતિકશાસ્ત્રને માત્ર ગણતરીઓ અને પ્રયોગશાળા પૂરતું મર્યાદિત માનવામાં આવે છે, પરંતુ આ વિદ્યાર્થીઓએ સાબિત કર્યું છે કે ભૌતિક વિજ્ઞાનના જટિલ સિદ્ધાંતો ગુનાહિત તપાસમાં કેટલા નિર્ણાયક છે. આ પસંદગી પામેલા ઉમેદવારો હવે એફએસએલ માં બેલિસ્ટિક્સ (બંદૂક-ગોળીનું વિશ્લેષણ), અકસ્માત સ્થળનું વૈજ્ઞાનિક પુનઃનિર્માણ, વોઇસ સ્પેક્ટ્રોગ્રાફી અને ડિજિટલ પુરાવાઓના પૃથ્થકરણ જેવી જટિલ જવાબદારીઓ સંભાળીને અદાલતમાં મજબૂત વૈજ્ઞાનિક પુરાવા રજૂ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો. નિરંજન પી. પટેલે આ સિદ્ધિને યુનિવર્સિટીની ઉચ્ચ શૈક્ષણિક ગુણવત્તા અને સંશોધન ક્ષમતાનું પ્રતીક ગણાવી છે. ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રો. એમ. પી. દેશપાંડેએ જણાવ્યું હતું કે, વિભાગ હંમેશા વિદ્યાર્થીઓમાં વ્યવહારિક કૌશલ્ય અને સંશોધન અભિગમ કેળવાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે, જેનું પરિણામ આજે આ સફળતાના સ્વરૂપે જોવા મળી રહ્યું છે. આ ઝળહળતી સફળતા બદલ સમગ્ર યુનિવર્સિટી પરિવારમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ છે.

પસંદગી પામેલા ઉમેદવારો

- » સાયન્ટિફિક ઓફિસર (વર્ગ-૨): ડો. હિરલ મિસ્ત્રી, ડો. પારસ લાડ અને અર્પિત ડામોરની ગાંધીનગર ખાતે, જ્યારે પ્રીત વ્યાસની સુરત ખાતે પસંદગી થઈ છે.
- » સાયન્ટિફિક આસિસ્ટન્ટ (વર્ગ-૩): ડો. નિકિતા પટેલની સુરત અને આમીર અશરફ ખત્રીની રાજકોટ ખાતે પસંદગી કરવામાં આવી છે.
- » સીનીયર એક્ષપર્ટ (ફિંગરપ્રિન્ટ, વર્ગ-૩): હેતલબેન ગોહિલ રાજકોટ ખાતે પોતાની સેવાઓ આપશે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225